ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 1 • અંકઃ 8 • તારીખઃ 17 થી 23 જૂન, 2017

# ન્યૂઝવ્યૂઝ ડાયજેસ્ટ

તંત્રીઃ ધીમંત પુરોહિત • સંપાદકઃ અલકેશ પટેલ

ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 1 • અંકઃ 8 • તારીખઃ 17 થી 23 જૂન, 2017

# ન્યૂઝવ્યૂઝ ડાયજેસ્ટ

તંત્રીઃ ધીમંત પુરોહિત • સંપાદકઃ અલકેશ પટેલ

## સાંકળિયું

**કાવ્યધારા**

1. કારણ - ચિનુ મોદી
2. ક્યાં - પુરુરાજ જોષી
3. એકલું અંધારું કાંઈ હોતું નથી - કૈલાસ પંડિત

**વાર્તા**

વળગાડ – ડૉ. સ્વાતિ ધ્રુવ નાયક

**નિબંધ**

જીવન સંગીત – સુરેશ દલાલ

**બોધકથા**

બુદ્ધિનો માપદંડ

**પુસ્તક પરિચય**

શબ્દસર : ચિનુ મોદી વિશેષાંક - અલકેશ પટેલ

• પ્રકાશકઃ ન્યૂઝવ્યૂઝ.કોમ વતી ધીમંત પુરોહિત

• આપની કૃતિ મોકલવા માટે ઈમેલ એડ્રેસ :

dhimantaajtak@gmail.com

• અવલોકન માટે પુસ્તક મોકલવાનું સરનામું :

Communicators, 509, Shivalik High Street, near Mansi Circle,
Vastrapur, Ahmedabad : 380015. Mobile : +91 98798 10101

મેગેઝીન ડિઝાઈનઃ હર્ષલ ગિલ્ડર

# કારણ - ચિનુ મોદી

કોઈ ઇચ્છાનું મને વળગણ ન હો,
એ જ ઇચ્છા છે, હવે એ પણ ન હો.
કોઈનામાં પણ મને શ્રદ્ધા નથી,
કોઈની શ્રદ્ધાનું હું કારણ ન હો.
ઝાંઝવાં હરણાં થઈ દોડી ગયાં,
ને હરણને દોડવાને રણ ન હો.
આંધળો વાયુ થઈ ભટક્યા કરું,
જો ફૂલોને એની અકળામણ ન હો.
આપમેળે બંધ દરવાજા થશે.
મોત માટે કોઈ પણ કારણ ન હો.

---

# ક્યાં - પુરુરાજ જોષી

ઉદાસીનું ધુમ્મસ ખસે છે જ ક્યાં?
પથ્થરનાં ફૂલો હસે છે જ ક્યાં?
ડામરની સડકો ને ચોરસ મકાનો,
શહેરોમાં માણસ વસે છે જ ક્યાં?
અમે ધૂપસળી થઇને સળગી રહ્યાં,
મંદિરની મૂરત શ્વસે છે જ ક્યાં?
નહીં તો ન જીવતો રહ્યો હોઉં હું,
સ્મૃતિઓના સર્પો ડસે છે જ ક્યાં?

---

# એકલું અંધારું કાંઈ હોતું નથી
## - કૈલાસ પંડિત

અમસ્તી કોઈ પણ વસ્તુ નથી બનતી જગતમાંહે
કોઈનું રૂપ દિલના પ્રેમને વાચા અપાવે છે
ગઝલ સર્જાય ના 'કૈલાસ' દિલમાં દાહ લાગ્યા વિણ
પ્રથમ ઘેરાય છે વાદળ, પછી વરસાદ આવે છે

જીવવાનું એક કારણ નીકળ્યું
ધૂળમાં ઢાંકેલું બચપણ નીકળ્યું
મેં કફન માનીને લીધું હાથમાં
એ સુખી માણસનું પહેરણ નીકળ્યું

તરબતર આંખોય પ્યાસી નીકળી
રાતરાણીની ઉદાસી નીકળી
તારલા ઊઘડ્યાં ને મળતા આગિયા
ચાંદને જોવા અગાસી નીકળી

એકાદ એવી યાદ તો છોડી જવી હતી
છૂટ્ટા પડ્યાની વાતને ભૂલી જવી હતી
વહેતા પવનની જેમ બધું લઈ ગયાં તમે
થોડીઘણી સુગંધ તો મૂકી જવી હતી

ચાંદનીની રાહ એ જોતું નથી
આંગણું એકાંતને રોતું નથી
રાત પાસે આગિયા પણ હોય છે
એકલું અંધારું કાંઈ હોતું નથી

# વળગાડ- ડૉ.સ્વાતિ ધ્રુવ નાયક

સાધુ હશે તો કદી શયતાન પણ હશે, મન શાંત છે તો ભીતરે તોફાન પણ હશે

હું મનમાં વસું કદી તો કદી મન વસે મુજમાં, મારા પણાનો મનમાં 'હું' કાર પણ હશે

આભાસને હવે પસ્તાવો થતો હતો... આ બધું તોફાન ગઈ પૂનમ પછીનું જ હતું ને? તે દિવસે. દિવસે નહીં તે રાત્રે – ખાસા બાર સાડાબાર વાગ્યા પછી કામ પતાવીને ઘરે આવવા નીકળેલો... મેઈન રોડ પરથી આવે તો પૂરો એક કલાક થાય એવું હતું એટલે કબ્રસ્તાનવાળા રસ્તેથી આવેલો. આમ તો એ કંઈ ભૂત-જીન-પલિતમાં માનતો ન હતો. કદાચ હજુ ય માનતો નથી. પણ તે દિવસથી બધી રામાયણ શરૂ થઈ ગઈ હતી. રાત્રે ઘરે પહોંચ્યો ત્યારે સાત્વી અને બાળકો પલક અને પ્રિતી ઊંઘી ગયાં હતાં. ક્યાં સુધી બેલ માર્યો ને સાત્વીએ અડધી ઉંઘમાં બારણું ખોલ્યું. ને તરત પાછી એના રૂમ તરફ જવા માંડી ને હજુ તો પલંગમાં પડતું મૂકે ત્યાં જ...

ત્યારે પહેલી વખત એ અનુભવ થયેલો... આભાસ સામાન્ય રીતે બહુ મોડું થાય ત્યારે જમવાનું માંડી વાળતો. ફ્રીજમાંથી દૂધ કાઢીને પી લેતો ને સૂઈ જતો પણ તે રાત્રે... તે રાત્રે જાણે એના શરીરમાં કોઈ બીજું પ્રવેશી ગયું હોય તેમ અંદર ખળભળાટ થવા લાગ્યો.

મગજની નસો ખેંચાવા લાગેલી, ડીમ લાઈટના પીળા પ્રકાશમાં જાણે કોઈ આભાસના શરીરમાંથી નીકળીને એના ઉપર જ હાવી થવા લાગેલું ને એણે ત્રાડ પાડેલી. "આમ પીધેલા જેવી ચાલવા માંડી તે કાંઈ ભાન બાન છે કે નહીં? આ તારો વર ભૂખો તરસ્યો ઊભો છે ને તું ચાલવા માંડી ઘોરવા, આખો દા'ડો ઉંઘે છે તે ઓછું પડે છે? ચાલ, ખાવાનું લાવ. ને શાક-દાળ ગરમ કરજે પાછી. તારા જેવા ટાઢા ન પીરસતી."

અચાનક વીજળીનો ઝાટકો લાગ્યો હોય તેમ સાત્વી પહોળી આંખે વિસ્મયથી આભાસને જોવા લાગેલી. કોઈ દિવસ ઊંચા અવાજે આભાસને બોલતા સાંભળેલો નહીં. આંખ ઊંચી માંડીને જોતા ય જોયેલો નહીં. અરે, દિવસે ય જમવાનું હોય ત્યારે ઉતાવળ હોય તો થાળી જાતે લઈને જાતે પીરસી લે ને ચૂપચાપ જે હોય તે ખાઈ લે. લગ્નના વીસ વીસ વરસ આમ જ શાંતિથી નીકળી ગયા ને આજે? આ આભાસને અચાનક વળી શું ભૂત ભરાયું તે?

ભૂત જ ભરાયું હશે. આવડી મોટી ત્રાડ તો વીસ વરસમાં ક્યારેય નહોતી પાડી. એ સાંભળીને બાળકો ય દોડી આવેલા. સફાળા જાગીને ને આભાસ એમના ઉપર પણ ખીજવાઈ ગયેલો. "ચૂપચાપ ઊંઘો. આખો દા'ડો તો રમી રમીને લોહી પી જાય છે, અને રાત પડે ને દિ'ઉગાડો છો..."સટાસટ દોડીને બંને

રજાઈમાં ભરાઈ ગયેલા. ને સફાળી ચોંકી સાત્વીએ દાળ-શાક ગરમ કરીને થાળી કરી દીધેલી. પીરસતી વખતે જરાક નજીક જઈને તપાસી ય જોયું : ક્યાંક છાંટો પાણી? પણ એવા કોઈ ચિહ્ન દેખાતાં ન હતાં. એ બબડીય ખરી, "કોણ જાણે આજે શું ભૂત ભરાયું છે?"

ખરેખર કોઈ ભૂત ભરાયું હશે? હવે આજે બે ત્રણ મહિના પછી આભાસને વિચાર આવતો હતો. કારણ કે ત્યારનું એનામાં અજબનું પરિવર્તન આવ્યું હતું. કોઈપણ પરિસ્થિતિમાં કોઈ નવી ઘટના બને કે તરત એનામાં તો બીજો આભાસ જાણે ઝબકીને જાગતો. ને એ ન બોલવાનું બોલી નાંખતો. ન કરવાનું વર્તન આચરી બેસતો. સદવર્તનને મીઠી ભાષાના કવચ ઉતરડાઈ જતા ને એ જાણે ચામડી કે આવરણ વગરનો વરવો પ્રગટ થતો.

ઓફિસમાં પણ આજે મિસ રીના લટક મટક કરતી ફાઈલો લઈને આવી ને કહેવા લાગી "આ ટેન્ડરમાં કંઈ સમજ પડતી નથી. સમજાવો ને..." ને આભાસ સમજાવે ન સમજાવે ત્યાં વળી કહેવા લાગી. "પ્લીઝ, તમે જ ભરી દો ને, મારાથી તમારા જેવું ક્યાં થાય છે? ત્યારે સડાક દઈને પાછો પેલો અંદરનો આભાસ જાગ્યો ને સંભળાવી દીધું : "મિસ રીના, તમે કેટરીના નથી. ક્લાર્ક છો. મેકઅપ ને લટકા પર ઓછું અને કામમાં વધારે ધ્યાન આપો. આવડી જશે. આપણે બધા જ અહીં કામ કરવા આવીએ છીએ ને એ ન આવડે તો રાજીનામું આપી ઘર સંભાળો."

ઓફિસમાં તો ટાંકણી પડે ને ગૂંજે એવી સન્નાટાયેલી શાંતિ પ્રસરી ગઈ, જેની સાથે એકાદ બે વાક્યની આપ લે થાય તો પોતાને લોકો ધન્ય માને એ રીના સામે ચાલીને આભાસ પાસે આવી ને આભાસે આટલું અપમાન કર્યું? બે ચાર ખુશામતીયા છાને છપને એની વિખરાયેલી પ્રતિષ્ઠાનો કચરો સમેટી આપવામાં લાગી ગયેલા. પણ મિસ રીના તો માથું સખત દુ:ખે છે કહીને અડધી રજા મૂકી સીધી ઘરે. કાલથી ક્યાં તો શીખી ને આવશે ક્યાં તો રાજીનામું આપશે. બે ચાર સીધા માણસ બોલ્યાય ખરા. ચાલો કોઈ તો નીકળ્યું આને સીધી કરવા વાળું.

પણ પરાગ તો પછી પાણીથી પાતળો આમ કેમ થતું હશે? આવું કરવાનું સપનેય નહીં વિચાર્યું હોય તો પણ? એના સાલસ, ભીરૂ સ્વભાવમાં અચાનક આવા શીંગડા કેમ કરીને ઉગ્યા હશે? બાકી એ તો સાવ પોચકો બાયલો કહી શકાય એવો નરમ... લોકો હાલતા ને ચાલતા એને ખખડાવી નાંખતા. વાંક હોય કે ન હોય ને પાછા બૉસના ગુસ્સાનું તો જાણે આભાસ એકમાત્ર ઠેકાણું. ગમે ત્યાંથી ગમે તેના પર ગુસ્સે થયા હોય. આભાસને કેબિનમાં બોલાવી ખખડાવી નાંખે. કારણ કે આભાસ બધું સાચું ખોટું ચૂપચાપ સાંભળી લે. કશાય વિરોધ કે બચાવ કર્યા વગર અને બધો ગુસ્સો ઠલવાઈ જાય ને બૉસ ખાલી,

હળવાફૂલ થઈ જાય ત્યારે પાછા કહે ય ખરા. આભાસ, થોડું વધારે બોલાઈ ગયું નહીં? શું કરૂ? કામ એટલું વધારે છે ને બધા આળસુના પીર. ગુસ્સો નહીં કરૂં તો શું કરૂં ?"

પણ તે દિવસે તો બૉસ પણ હડફેટે ચડી ગયા. "બધા આળસુના પીર હોય તો બધાને બોલાવીને ખખડાવો – સીધા કરો. કોઈ આગળ નથી બોલાતું તેમાં મારો કંઈ વાંક? આમ કારણ વગર હડકાયા થઈ મને જ કરડવા દોડો છો તે? કહેતા હોવ તો હું ખખડાવું બધાને મને ખબર છે કોણ કયું કામ નથી કરતું તે...?"

અને મોટેથી બૉસની સામે આખા સ્ટાફની ખામી ગણાવીને પૂછતો ગયો? આને ખખડાવું?

બહાર નીકળ્યો ત્યારે બધા એકીટશે કેબિનના ખુલતા બારણાં સામે જોઈ રહેલા તે આભાસને જોઈને પોતપોતાના કામે વળગી ગયેલા.

તે દિવસથી જાણે ઓફિસની દુનિયા જ બદલાઈ ગયેલી. બધા આભાસ આવે એટલે બૉસ આવ્યા હોય તેમ કામે લાગી જતા ને બૉસ કંઈ કામ હોય તો જાતે એના ટેબલ સુધી આવી જતા.

ઘર ઓફિસ આખી દુનિયામાં જાણે નવી હતી. કશું ય પહેલા જેવું નથી રહ્યું. બાળકો ય અમસ્તા જરા ડરવા લાગ્યા હતા. પણ એમાં હવે શું થાય એવું નથી. જાણે આભાસ આભાસના જ કાબુમાં નથી. આભાસ આભાસના જ શરીરમાં નથી.

જાણે આભાસ આભાસના જ કાબુમાં નથી. આભાસ આભાસના જ શરીરમાં નથી. વખતો વખત કોઈક બીજું આભાસના શરીરનો મનોમસ્તિષ્કનો કબજો લઈ લે છે. કોઈપણ સમયે સ્થળ કાળના સાનભાન વગર... અને બધું આંખ મીંચો ને ઉઘાડો એટલામાં પૂરૂં થઈ જાય છે.

સાત્વી પણ શંકાથી આભાસને જોવા લાગી હતી. શાંત, હળવા મૂડમાં હોય ત્યારે ઘણી વખત કહેતી. આભાસ, તમે કેમ આટલા બદલાઈ જાવ છો? શું હવે હું તમને ગમતી નથી? પહેલા તો બિલકુલ શાંત સ્વભાવ હતો તમારો. અકળામણ થઈ જાય એવો શાંત. બસ, અમારી મરજી સાચવતા તમે. ને હવે? હવે માવઠાની જેમ અચાનક તમારા મગજ પર ગુસ્સાના વાદળ છવાઈ જાય છે અને તેમ ગમે ત્યાં વરસી પડો છો. આપણે કોઈ ડૉકટરને પૂછી જોઈએ.

પણ ડૉકટરને પૂછવું ય શું? ગુસ્સો આવે એવી પરિસ્થિતિમાં કેમ ગુસ્સો આવે છે એમ? કે પછી ઉંમર શરીર સાથે સ્વભાવ પણ શું કામ બદલાયો એમ?

આજુબાજુવાળા સાત્વીને ખાનગીમાં કહેતા "આભાસભાઈ જે શોર્ટકટથી ઘરે આવે છે ત્યાં કબ્રસ્તાન છે. રાતવરાત આવતા કોક જીન્નાત કે કોઈ ભૂત તું સમજ... આ ગાંડપણ નથી. ગાંડા માણસ તો અમસ્તાય ગાંડા કાઢે. આ તો કોઈક જ વખત ને ત્યારે કેટલી તાકાત આવી જાય છે એમનામાં, તું જોતી નથી? આટલા વર્ષોમાં ઊંચો અવાજ નોતા કરતા તે કેવું બરાડા પાડીને બોલે છે તે?..."

સાત્વી ગભરાતી તેમ વધારે ને વધારે ઉત્સાહથી લોકો મંડી પડતા. ને સાત્વી પાછી બધી વાત આભાસને કહી દેતી એટલે હવે આભાસને પણ લાગવા માંડ્યું હતું કે માન ન માન, આ બધું તે દિવસે રાત્રે કબ્રસ્તાન આગળથી પસાર થયો તે પછીનું જ છે. તે જ દિવસથી આ બધી મોકાણ શરૂ થઈ છે. કદાચ માનવામાં ન આવે એવી વાત સાચી પણ હોય. વખતોવખત કોઈ ભૂત મારા શરીરમાં પ્રવેશી જતું હોય ને ઉત્પાત મચાવતું હોય, મારે ન કરવું હોય એ બધું જ કરાવતું હોય... ગુસ્સો, ઝઘડો.... તો શું આ અંધશ્રદ્ધા નહીં ને સાચું હશે? જાણે પોતાનાથી જ અપરિચિત થવાની વાત હતી આ.

સાત્વીએ ડરતાં ડરતાં વાત કાઢી, હું પીરબાબાને પૂછી આવી છું. એમને પણ એવું જ લાગે છે કે કોઈ રૂહ તમારો કબજો કરે છે. તમારા જીવનું જોખમ છે. તમે એકવાર એમને પૂછી જોશો? મળવા આવશો?

પીરબાબા લાંબી સફેદ દાઢી, મોટી સરમો પાયેલી આંખો, ડરામણો ચહેરો. એમને જોતા વેંત જ આભાસથી બોલાઈ ગયું "આને જોઈને તો કોઈ પણ ભાગી જાય પોતે જ ભૂત જેવો છે." ડરતા ડરતા સાત્વીએ બાબા તરફ જોયું ડોળા કાઢી એમણે ધુમાડાનું પ્રમાણ વધાર્યું. લોબાન નાંખ્યો ધુમાડો ઘેરાયો. એના તણખાની આછી તેજ છાયામાં કશુંક ભાળી ગયા હોય

... ગુસ્સો, ઝઘડો.... તો શું આ અંધશ્રદ્ધા નહીં ને સાચું હશે? જાણે પોતાનાથી જ અપરિચિત થવાની વાત હતી આ.

સાત્વીએ ડરતાં ડરતાં વાત કાઢી, હું પીરબાબાને પૂછી આવી છું. એમને પણ એવું જ લાગે છે કે કોઈ રૂહ તમારો કબજો કરે છે. તમારા જીવનું જોખમ છે. તમે એકવાર એમને પૂછી જોશો? મળવા આવશો?

પીરબાબા લાંબી સફેદ દાઢી, મોટી સરમો પાયેલી આંખો, ડરામણો ચહેરો. એમને જોતા વેંત જ આભાસથી બોલાઈ ગયું "આને જોઈને તો કોઈ પણ ભાગી જાય પોતે જ ભૂત જેવો છે." ડરતા ડરતા સાત્વીએ બાબા તરફ જોયું ડોળા કાઢી એમણે ધુમાડાનું પ્રમાણ વધાર્યું. લોબાન નાંખ્યો ધુમાડો ઘેરાયો. એના તણખાની આછી તેજ છાયામાં કશુંક ભાળી ગયા હોય
તેમ બરાડ્યા. શેતાન, અબ તું યહાં ભી આ ગયા? ને આંખ બંધ કરીને બબડાટ કરતા બોલ્યા.

બહુત ખથરનાક રૂહને કબજા કર લીયા હૈ, "જુમ્મે કો આના પડેગા. એક દો ઘંટા લગેગા ઉતારને મે. મુર્ગા ભી કાટના પડેગા. અગલે જુમ્મે કો આ જાઓ."

વળી, આભાસે હસતા હસતા કહ્યું જાણે અમારે તો કામ ધંધો જ નહીં હોય. પૂછતાય નથી કે સમય છે કે નહીં? ને બોલ્યો કિતના ચાર્જ કરોગે?

પેલો આશ્ચર્યથી જોતો જ રહ્યો. સાત્વી એ "કહ્યું બાબા કિતના ખર્ચા

હોગા?" બાબાએ કહ્યું "પાંચ હજાર મે હો જાયેગા શાયદ, દેખા કેસા બઢ ચઢ કે બોલ રહા હૈય સબ ઠીક કર દુંગા..."

સાત્વીએ માંડ આભાસને ચૂપ રાખીને ઘરે લઈ ગઈ. રડી, કકળી, કાલાવાલા કરીને કહેવા લાગી. "આ એક વખત માની જાવ ને જુઓ તો કેવા થઈ ગયા છો? તમારા વગર અમારું શું થશે?"

આખરે શુક્રવારે રજા લેવી પડી. બધો સમાન લઈને સ્કૂટર પર જવા નીકળ્યા. રસ્તો થોડો સૂમસાન હતો. અડધે પહોંચ્યા ત્યાં એક છોકરીની ચીસ સંભળાઈ. આભાસે સ્કૂટર ઊભું રાખ્યું. સાત્વીને નવાઈ લાગી. સામાન્ય રીતે આવા એકાંત રસ્તે આભાસ ઝડપથી સ્કૂટર ભગાવી મૂકતો. વચ્ચે ગમે તે મળે અટકતો નહીં તેને બદલે...

ઝાડી પાછળથી ચીસ સંભળાઈ હતી. આભાસે બૂમ પાડી "કોણ છે?" ત્યાં સળવળાટ થયો ને બે બદમાશ બહાર આવ્યા. ગંદુ હસીને કહેવા લાગ્યા "અમે, બોલ શું કામ છે તારે? આ તારી બૈરીને મૂકી જવી છે? અમે ચાર છે ને આ એક." ઝાડીમાં ડુસકાં ને ચીસ સંભળાતી હતી. "બચાવી લો ભાઈ મારા વીરા તમને પગે પડું. બચાવી લો.."

એટલામાં પેલા બદમાશે છરી કાઢીને કહ્યું "બે મિનિટમાં ભાગ નહીં તો તારી નરજ સામે તારી બૈરીને ખેંચી જઈને...." સાત્વી ગભરાઈને કહેવા લાગી "ચાલો ને, આપણે આ લફડામાં પડવું જ નથી. આ લોકો બદમાશ છે. જલદી ચાલો." પણ આભાસે નિરાંતે સ્કૂટર સ્ટેન્ડ પર ચઢાવ્યું ને એ લોકો તરફ જવા લાગ્યો. બીજાએ ડાંગ હાથમાં લીધી. ઝાડીમાંથી બીજા બે પણ નીકળ્યાને પેલી છોકરી પણ ઓઢણી વીટાળતી ધ્રુજતી ધ્રુજતી બહાર નીકળી. આભાસે એને કહ્યું "તું ભાગ..." પણ એ છોકરી ત્યાં જ ઊભી રહી ગઈ. ચારે જણાં આભાસની ફરતે ગોઠવાય ત્યાં તો આભાસે જમીન પર આળોટીને ધૂળના મૂઠે મૂઠા ફેંકવા માંડયા ને મોટે મોટેથી બૂમો પાડવા માંડી: "આવો આવો મારા બાયલાઓ... છોકરી પર મર્દાનગી બતાવો છો. હવે આવો" ને અચાનક એક બદમાશના હાથમાંથી લાકડી છીનવી લીધી ને લાકડી એના પોતાના શરીરની આસપાસ ગોળ ગોળ ફેરવવા માંડી. પેલી છોકરી થોડીક સ્વસ્થ થઈ હશે એટલે એણે ય બૂમો પાડવા માંડી. "બચાવો... બચાવો..."

સાત્વી ચીસો પાડતી હતી. "અરે આ શેતાન તમને જીવતા નહીં છોડે. કેવું કેવું કરાવે છે તમારી પાસે..." અને આ કોલાહલ સાંભળીને ગામ તરફથી બે ચાર ભરવાડ આવતા દેખાયા. છોકરી કદાચ એમના વાસની જ હતી. તે એમને જોઈને બૂમો પાડવા માંડી. ને બદમાશો પરસ્થિતિ બદલાયેલી જોઈને ભાગ્યા. થોડેક સુધી આભાસ પાછળ દોડ્યો. પણ પછી એ છોકરીએ જ કહ્યું "હું ઓળખું છું એ લોકોને

બાપુને કહીને પોલીસમાં ફરિયાદ કરાવીશ મારા વીરા, તમે તો મારી લાજ બચાવી ભગવાન તમને લાંબી આવરદા આપે." કેડે ખોસેલા બટવામાંથી રાખડી કાઢીને બાંધતા બોલી "મારા વીર માટે રાખડી લેવા ગઈ તી ને તમે નવા વીર મળી ગ્યા લ્યો..."

કલાકેક પછી પીરબાબાના થાનકે પહોંચ્યા પછી બાબાએ વિધિ શરૂ કરી. હજુ લોબાન પેટાવે ત્યાં તો આભાસ ઊભો થઈ ગયો. આશ્ચર્યથી સાત્વીએ પૂછ્યું "કેમ? વિધી પૂરી કરો ને જોતા નથી શેતાને આજે પણ તમને કેવી મુશ્કેલીમાં મૂક્યા? કેવું ભૂત ભરાયેલું? છરી દંડુકાવાળા ચાર ચાર ગુંડાને તમે એકલા. ગાંડપણમાં ક્યાંક મરી ગયા હોત..."

મક્કમ નિશ્ચય સાથે આભાસે કહ્યું "નથી કરવી પૂજા, નથી ઉતારવું ભૂત, શેતાન કે જિન્નાત જે છે એ બધું બરાબર છે. ચાલ સીધી સીધી ઘરે નહીં તો આ બાબાની સેવા કરતી પડી રહે." ને બાબાને જોઈ બોલ્યો "આ ઢોંગ મૂકીને કામ કર નાલાયક."

બહાર જતા જતા પેલી છોકરીએ બાંધેલી રાખડી ઉપર હાથ ફેરવતો બોલ્યો "આ ભૂત હવે જીવ લે તોય શું?"

### સાવ પોલા શબ્દથી વ્યવહાર છે
### - મણિલાલ પટેલ

સાવ પોલા શબ્દથી વ્યવહાર છે.
મૌનનો મહિમા કરીને શું કરું
શબ્દ તો કોલાહલોનું દ્વાર છે.
હું ઉદાસી પાનખરની પી ગયો.
દર્પણો જોયા કરે છે દ્વેષથી :
આંખમાં ખીલી ગયાનો ભાર છે.
કાચ-શા સંબંધમાં તિરાડ છે :
'કેમ છો'? પૂછ્યા કરે છે શૂન્યતા
મેં કહ્યું : આકાશ સાથે પ્યાર છે.
કેટલો લીલો હજી તો શ્વાસ છે
યાતના રે! તું મને લલચાવ ના
કોક મળવાનું મને ગમખ્વાર છે.

---

# નિબંધ : જીવન સંગીત – સુરેશ દલાલ

કાળ અખંડ છે. અનાદિ છે. પુરાતન અને સનાતન છે. આપણે ત્યાં ત્રણ ત્રણના ઘટક છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. ઉત્પત્તિ, સ્થિતિ અને લય. સત્વ, રજસ અને તમસ. કાળના પણ ત્રણ ઘટક છે. ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય. વિગત, સાંપ્રત અને અનાગત. ગઈ કાલ, આજ અને આવતી કાલ. સમય એ કાળનું અત્યારે દેખાતું સ્વરૂપ છે. આ સમયના પણ આપણે કટકેકટકા કર્યા છે. આજનો સમય ઘડિયાળના બાર આંકડામાં ફેરફુદરડી ફરે છે. આજનો સમય કેલેંડરની તારીખના પાનામાં ફડફડે છે. એકેએક પળ ખબર ન પડે એમ ભૂતકાળ થતી જાય છે. વર્તમાન એ તો ક્ષણનું સ્વરૂપ છે. પળનો ચહેરો છે. સમયને આપણે ચીંથરેહાલ કરીએ છીએ. ક્ષણે ક્ષણે એના લીરા ઊડે છે. જાગવાનો સમય, નાહવાનો સમય, ઑફિસે જવાનો સમય, લંચ અવર્સનો સમય, ઑફિસેથી પાછા આવવાનો સમય, કોઈને મળવાનો સમય, કોઈથી છૂટા પડવાનો સમય, ઊંઘવાનો સમય. કાળ જાણે કે સમયના મયને પીધા જ કરે છે. બપોરનો સમય આક્રમક તડકો થઈને આપણને નખોરિયાં ભરતો હોય છે. રાતનો સમય ક્યારેક મધુર, કોમળ મલયનો લય લઈને વહે છે. કોઈકની ઊંઘ ઊડી ગઈ હોય ત્યારે નીંદવિહોણા નેણમાં લપાઈને રાતનો સમય જાગતો હોય છે, તો આ સમય ક્યારેક બંધ હોઠોની મૂગી ગોઠડીને મન ભરીને માણતો હોય છે. રાત કઈ રીતે વીતે છે એના પર બધો આધાર છે.

પ્રિય વ્યક્તિના સાન્નિધ્યમાં એમ જ લાગે કે રાતનો સમય રાતરાણીની સોડમાં સૂતો છે. એ તો એમ જ ઝંખે કે પરોઢિયું કદી થાય નહીં. હરીન્દ્ર દવેની લતા મંગેશકરના કંઠે પ્રસિદ્ધ થયેલી પંક્તિઓ યાદ આવે છે:

રૂપલે મઢી છે સારી રાત રે સજન,

એનું ઢૂકડું ન હોજો પ્રભાત.

ક્યારેક રાતનો સમય અંધારાની રેશમી રજાઈ ઓઢીને ઊંઘતો હોય છે. આકાશમાં તારલા ગમે એટલા દૂર હોય, પણ રાતના સમય પાસે એના તેજને સૂંઘવાની પણ તાકાત છે. મને રાતના સમયનું એક રૂપ બહુ ગમે છે. આ ગમતા રૂપને હું ગદ્યમાં નહીં ઉતારું.

ટ્રેનની તીણી વ્હિસલ થઈ વીંધતો રહે રાતનો સમય,<br>
નાનકા સૂના સ્ટેશન પર ટહેલતો રહે રાતનો સમય.

રાતનું રળિયામણું રૂપ હોય છે તેમ એનું બિહામણું સ્વરૂપ પણ હોય છે. હૉસ્પિટલમાં સમય એક પગે ખોડંગાતો ખોડંગાતો ચાલે છે. હૉસ્પિટલની ધોળી દીવાલોમાં સમય કાળું કાળું કણસે છે. રાતને વખતે આ જ સમય છરી, ચાકુ અને ખંજર સાથે વણસે છે. શહેરમાં

તો આખી રાત જાહેરાતના પાટિયે પાટિયે ઝૂલતી હોય છે. ઘડિયાળમાં જ સમયની બારાખડી ઘૂંટાતી હોય છે. આપણે સમય સાથે જીવવું પડે છે. જ્યોતીન્દ્ર દવે કહેતા કે આપણે ઘડિયાળને ચાવી આપીએ છીએ એ ભ્રમણા છે. હકીકતમાં ઘડિયાળ આપણને ચાવી આપે છે. બધું જ ઘડિયાળને પૂછી પૂછીને કરવું પડે છે. ઑફિસમાં જઈએ છીએ. ચાનો કપ હોઠે માંડીએ છીએ પછી સમય થોડીક ક્ષણ ખાલી કપની જેમ પડ્યો હોય છે. ઑફિસમાં સમય ખડે પગે ઊભો રહે છે. કાંડાને કાંઠે સમય તરફડે છે.

શૈશવ, યૌવન અને વૃદ્ધાવસ્થા આ પણ સમયનાં જ સ્વરૂપો છે. નાના હોઈએ છીએ ત્યારે સમય રાજાના કુંવર જેવો લાગે છે. આપણી આસપાસ હોય છે સમયનો સોનાનો પહાડ, રૂપાની નદી. એ વખતે સમય હોય છે પરીનું ઝાંઝર. આસપાસ વન હોય છે, વનમાં ઝાડ હોય છે, પંખીઓના લય હોય છે. એક સરોવર હોય છે. સરોવરમાં માછલીઓના રંગ હોય છે. પરી પોતાનું ઝાંઝર કિનારે મૂકીને સરોવરમાં નાહવા ઊતરે છે. કિનારા પર રાક્ષસ આવે છે. રાક્ષસ ઝાંઝરને હાથમાં લે છે. એ ખડખડાટ હસે છે. એના હાસ્યથી ઝાંઝર તૂટી જાય છે. રાક્ષસ ઉદ્યમી છે. પરીના ઝાંઝરમાંથી એ ફેક્ટરી બનાવે છે, પૈડાં બનાવે છે, ઘડિયાળ બનાવે છે, ઘડિયાળના કાંટા બનાવે છે, ટ્રેનના પાટા બનાવે છે. સમય હવે સમયસર થઈ જાય છે. સમય હવે 8:35, સમય હવે 9:55, સમય હવે આવનજાવન, જાવનઆવન. રાજાનો કુંવર કાળના કપૂરમાં સળગી જાય છે અને પરી હવે રાજાબાઈ ટાવર પર ઝૂલ્યા કરે છે.

સમયને વિધવિધ રૂપે જોયો છે. રવિવારની સાંજે શહેરના બગીચામાં કુટુંબના ફૂંડાળાની બહાર એ ભીખ માગતો ઊભો હોય છે. માફ કરો એવું સાંભળી સાંભળીને સમયના કાન બહેરા થઈ ગયા છે. સમય બહુરૂપી છે. એના અજબગજબના વેશ છે. એ ટ્રેનને સળિયે લટકે છે. સ્મશાનમાં ભટકે છે. ભવાઈનો ખેલ કરે છે. કોઈક બગીચાને બાંકડે બેસી રહે છે. સમય ટાઈપરાઈટર પર છપાતો હોય છે તો ક્યારેક પિયાનોમાં વાગતો હોય છે. સમય ક્યારેક બસમાં બીજે માળે બેઠો હોય છે. એક દિવસ એવો ઊગે છે કે સમય મરી જાય છે. સમયની શોકસભા ભરાય છે. આ શોકસભામાં સમયનાં સગાંવહાલાં હાજર રહે છે. આ સગાંવહાલાં કોણ ? રેલવેનું ટાઈમટેબલ, અઠવાડિયાના સાત વાર, મહિનાના ત્રીસ દિવસ, મજૂરની ત્રણ પાળી, રેડિયો-ટીવીનો કાર્યક્રમ, સવાર, બપોર, સાંજ, રાત, પંચાંગના પીળા કાગળ, કૉલેજના પીરિયડ્ઝ, સવારે નિયમિત વાગતી સાયરન, છાપાંની પસ્તી, તારીખના દટ્ટા, ડિલે થતી ફ્લાઈટ્સ, બર્થ અને ડેથ કૉલમ-બધા જ ઊભા થઈ જાય છે અને બે મિનિટનું મૌન. માણસ સમયનો પર્યાય છે કે સમય માણસનો પર્યાય છે ? એ પ્રશ્ન હજી અણઊકલ્યો જ છે. (રીડગુજરાતી.કૉમ)

# બોધકથા - બુદ્ધિનો માપદંડ

એક વખત એક રાજા તેમના મહેલના બગીચામાં ફરતા હતા. એ જ વખતે ત્યાંથી હંસની એક સુંદર જોડી ઊડતી ઊડતી પસાર થઈ. રાજાનું મન એ જોઈ પ્રફુલ્લિત થઈ ગયું. થોડી જ ક્ષણમાં તેમના મંત્રી કોઈ કામથી રાજા પાસે આવ્યા અને રાજાને પ્રફુલ્લિત જોઈ તેનું કારણ પૂછ્યું. રાજાએ કારણ તો કહ્યું, પરંતુ તરત જ મંત્રીને સવાલ કર્યો કે, આપણા રાજ્યમાં આવા કુલ કેટલા હંસ હશે? મંત્રીએ બે ક્ષણ વિચાર કરી, જાણે કંઈક ગણતરી કરતા હોય તેમ આકાશ તરફ જોઈ બોલ્યા મહારાજ, આપણા રાજ્યમાં કુલ 120 જોડી એટલે કે 240 હંસ છે.

મંત્રીની વાત સાંભળી રાજાને નવાઈ લાગી. તેમણે પૂછ્યું તમે ક્યારે અને કેવી રીતે ગણતરી કરી? અને જો હું સચોટ ગણતરી કરાવું અને તમે કહો છો તેના કરતાં વધારે હંસ હશે તો? જવાબમાં મંત્રીએ કહ્યું, તો તેનો અર્થ એ કે બીજા રાજ્યમાંથી હંસ આપણા રાજ્યમાં વિહાર કરવા આવ્યા હશે! ત્યારે રાજાએ કહ્યું અને તમે કહેલી સંખ્યા કરતાં ઓછા હંસ હોય તો? તો... આપણા રાજ્યના હંસ બીજા રાજ્યમાં વિહાર કરવા ગયા હશે – એમ તરત જ મંત્રીએ જવાબ આપી દીધો.

મંત્રીની આવા ચતુર જવાબથી રાજા ખુશ થયા. તેઓ મનોમન સમજતા હતા કે તેમના મંત્રી ચપળ છે તેથી આવો ચાલાકીભર્યો જવાબ આપે છે. રાજાને એ પણ સમજાયું કે જો હું સત્તાવાર ગણતરી કરાવું અને જે કંઈ આંકડો આવે એમાં બંને રીતે મંત્રી જ સાચા પડવાના છે. વધુ હોય તો પણ મંત્રીની વાત સાચી પડે અને ઓછા હોય તો પણ! મનોમન હસતાં હસતાં તેમણે હંસની ગણતરી કરાવવાનો વિચાર જ માંડી વાળ્યો.

રાજાને પોતાના મંત્રી પર ગર્વ થયો. તેમણે મનોમન વિચાર્યું કે મંત્રીની પસંદગી કરવામાં તેમણે કોઈ ભૂલ કરી નથી.

---

વૉટ્સએપઃ બુદ્ધિ એક રીતે કોઈપણ સમયે ઊભી થતી સમસ્યાઓનો સરળતાથી ઉકેલ શોધવા માટેનો વ્યવહારુ માર્ગ છે. એક રીતે એ કુદરતી ભેટ છે, પરંતુ થોડા વ્યવહારુ જ્ઞાન દ્વારા તે કેળવી શકાય છે અને જીવનમાં સફળતા મેળવી શકાય છે. શરત એટલી કે તેનો ઉપયોગ કોઈને નુકસાન ન થાય એ રીતે કરવો જોઈએ.

(જીવનની પાઠશાળા પુસ્તકમાંથી – સંકલન અને સંપાદનઃ અલકેશ પટેલ)

# શબ્દસરે સમયસર આપ્યો ચિનુ મોદી વિશેષાંક

ગુજરાતી સાહિત્યના રસિકોમાં માનભર્યું સ્થાન ધરાવતાં સામયિકો પૈકી એક શબ્દસર અને ગુજરાતી સાહિત્યકારોમાં માનભર્યું સ્થાન ધરાવતા સાહિત્યકારો પૈકી એક એટલે ચિનુ મોદી. આ બંનેનો સુભગ સંગમ થયો છે – શબ્દસરના ચિનુ મોદી વિશેષાંકમાં. ચિનુભાઈ હવે આપણી વચ્ચે નથી, પણ એમના નામની આગળ સ્વ. કે સ્વર્ગસ્થ કેવી રીતે લખાય? એ કવિતા દ્વારા, નાટક દ્વારા, વાર્તા દ્વારા, સંપાદન દ્વારા, અનુવાદ દ્વારા, બાળસાહિત્યકાર તરીકે આપણી વચ્ચે જ છે ને !

હા, તો મૂળ વાત એ છે કે કિશોરસિંહ સોલંકીના તંત્રીપદ હેઠળ પ્રકાશિત થતા શબ્દસર સામયિકનો મે – જૂન 2017નો અંક ચિનુ મોદી વિશેષાંક તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ વિશેષાંકને મુખ્યત્વે ભાગમાં વહેંચવામાં આવ્યો છે. પ્રથમ ભાગમાં અંજલીછે, તો બીજા અને ત્રીજા ભાગમાં ચિનુભાઈનાં સર્જનનાં વિવિધ પાસાંને વધાવવામાં આવ્યાં છે.

આ વિશેષાંકમાં ચિનુભાઈને અંજલી અને શબ્દાંજલી આપનાર મહાનુભાવોની જે ગેલેક્સી છે એના પરથી પણ ચિનુભાઈની રેન્જ જાણી શકાય છે. રાજ્યના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન શંકરસિંહ વાઘેલાથી માંડીને દિલીપ ઝવેરી, અર્ચન ત્રિવેદી, અનિલ ચાવડા, પારૂલ કંદર્પ દેસાઈ, ધ્વનિલ પારેખ, મહેશ ચંપકલાલ, મીનળ દવે, ભરત મહેતા, ઈશ્વર પરમાર, મોહન પરમાર સહિત સાહિત્ય અને કલા ક્ષેત્રના અગ્રણીઓએ સમગ્ર ચિનુભાઈને આપણી સમક્ષ રજૂ કરી દીધા છે. વિશેષાંકના અતિથિ સંપાદક સમીર ભટ્ટનું સંપાદકીય ખરેખર હૃદયસ્પર્શી છે.

આમ તો એવું માનવાને કારણ છે કે સંપાદકોએ આ સામગ્રીને એડિટ કરીને પુસ્તક સ્વરૂપ આપવાનું વિચાર્યું હશે.. અને ન વિચાર્યું હોય તો વિચારવા જેવું ખરું !



શબ્દસર – ચિનુ મોદી વિશેષાંક (મે-જૂન, 2017)
તંત્રીઃ કિશોરસિંહ સોલંકી. અતિથિ સંપાદકઃ સમીર ભટ્ટ
પ્રકાશનઃ ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ
કિંમતઃ રૂ. 100
પૃષ્ઠઃ 320